ક્રમાંક : માધ્ય/મા-૨/વિદ્યાદીપ/૧૭૭૪૭-૮૦

કમિશનર શાળાઓની કચેરી,

બ્લૉક નંબર – ૯/૧, ડૉ. જીવરાજ

મહેતા ભવન, ગુ.રા. ગાંધીનગર

તા. <u>૧૪/૦૬/૨૦૧૮</u>

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારી,

તમામ

**<u>વિષય</u>** : વિદ્યાદીપ વીમા યોજના હેઠળ મૃતક વિદ્યાર્થીઓના કુટુંબને સહાય ચૂકવવા બાબત

**<u>સંદર્ભ</u>** : શિક્ષણ વિભાગના પત્ર-ક્રમાંક : બમશ/૧૦૧૭/૨૫૧૨/ગ, તા. ૧૨/૦૪/૨૦૧૮

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજ્યમાં અકસ્માતે મૃત્યુ પામતાં વિદ્યાર્થીઓને સહાય ચૂકવવા વિદ્યાદીપ વીમા યોજના અમલમાં છે. આ યોજના હેઠળ સહાય ચૂકવવાના કેટલાંક કેસોમાં સહાયની રકમ ચૂકવવાની કાર્યવાહી કરવા બાબતે ખૂબ જ વિલંબ થયેલ હોવાનું વિભાગના ધ્યાને આવેલ છે. વિદ્યાદીપ વીમા યોજના હેઠળ સહાય ચૂકવવા બાબતે વિવિધ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાખલ થયેલ કેસોમાં સમયસર કાર્યવાહી ન કરવાના કારણસર મૃતક વિદ્યાર્થીના પરીવારને સહાય ચૂકવવામાં અત્યંત વિલંબ થયેલ છે.

રાજ્ય સરકારની પ્રસ્તુત પ્રજાલક્ષી યોજનાનો હેતુ શુભ આશય તેના અમલીકરણમાં યોગ્ય કાળજી ન રખાતી હોવાનાં કારણે યોજના વિશે નકારાત્મક છાપ ઉભી કરે છે. આથી આ યોજના હેઠળ સહાય ચૂકવવાના કેસોમાં માનવીય અભિગમ દાખવી, સમયસર કેશનો નિકાલ થાય તે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, હાલ રાજ્યના તમામ જિલ્લાઓમાં તા.૦૧/૦૪/૨૦૦૮ પહેલા અવસાન પામેલા હોય તેવા વિદ્યાર્થીઓના કેસમાં વિદ્યાદીપ વીમા યોજના હેઠળ રકમ ચૂકવવાની બાકી હોય તેવા તમામ કેશોની માહિતી મેળવી જરૂરી કાર્યવાહી કરવા અને કરેલ કાર્યાવાહીનો અહેવાલ અત્રે મોકલી આપવા તથા આવા કેસ પડતર રહેવાના કારણો તથા પડતર રાખનાર કચેરીના જવાબદાર અધિકારી/કર્મચારી સામે પગલાં લઈ અત્રે દીન-૭માં રજૂ કરવા જણાવવામાં આવે છે.

મદદનીશ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા. ગાંધીનગર

તાત્કાલિક / અગત્યનું

ક્રમાંક / માધ્ય.૧ / ૨૬૫૦૭-૨૭૦૦૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

જોરાવર પેલેસ,

બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

તારીખ : ૨૧-૦૬-૨૦૧૮

નકલ રવાના:- ઉપરોક્ત ના અન્વયે જરૂરી કાર્યવાહી કરવા તેમજ અમલ કરવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,

બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,

આચાર્યશ્રી (તમામ)

માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,

જી. બનાસકાંઠા